# કેટલાક અધિકારીઓ જ શિક્ષણની ઘોર ખોદવા બેઠા છે

આપણા આજે ૭૨માં સ્વાતંત્ર્ય દિવસે દેશ ભક્તિના ગીતો ગાતાં ગાતાં સૌ ગૌરવ અનુભવીએ છીએ, ત્યારે ગુજરાતનું શિક્ષણ દિવસે ને દિવસે ખાડે જઈ રહ્યું છે તેવું શિક્ષણ સાથે સંકળાયેલ જ નહિ પણ સામાન્ય નાગરિક પણ કહે છે. જે પાછળ એક નહિ પણ અનેક કારણો છે. જેમાં એક મહત્વનું કારણ કે, આપણા રાજ્યમાં શિક્ષણ વિષયક નિર્ણયો શિક્ષણ સિવાયના લોકો કરે છે. જેને શિક્ષણ વિશેનો કોઈ અનુભવ નથી, જેને શિક્ષણ સાથે કોઈ સંબંધ નથી , જે છેલ્લા દસ-પંદર વર્ષમાં કોઈ શાળા કે કોલેજમાં ગયા નથી, શિક્ષણના કોઈ સેમિનારમાં હાજરી આપી નથી, નોકરીનો મોટોભાગ શિક્ષણ સિવાયના ક્ષેત્રમાં જ વિતાવ્યો છે, હું જે માનું છું તે જ હોવું જોઈએ અને તે જ સાચું છે વગેરે શિક્ષણને અવરોધક લક્ષણો ધરાવતા વ્યક્તિઓ, જયારે શિક્ષણ વિભાગમાં કે શિક્ષણ સાથે સંકળાયેલ કચેરીમાં આવે ત્યારે શિક્ષણ અંગેની નીતિ ઘડે છે અને શિક્ષણ અંગેના વાહિયાત નિર્ણયો લે છે. માટે શિક્ષણ ખાડે ગયું છે અને સરકાર જો આ અટકાવશે નહિ તો આપણું  શિક્ષણ ખાડામાં નહિ પણ ખાઈમાં જશે. જેને બહાર કાઢવા માટે બે દસકા પણ ઓછા પડશે.

ઉપરોક્ત બાબત અતિ દુઃખ કે વ્યથા સાથે એટલા માટે લખવી પડી છે કે, હમણા છેલ્લાં કેટલાક સમયથી એવા ઘણાં ઉદાહરણો આપણી સામે આવ્યા છે કે જેમાં કેટલાક અધિકારીના કેટલાક નિર્ણયથી શિક્ષણની ગુણવત્તા વધવાને બદલે ઘટે છે. જેનું તાજેતરનું એક ઉદાહરણ લઈએ અને તે જ ઉદાહરણને સમજીએ. જેથી વાચકોને ખયાલ આવશે કે આપણા આ અશિક્ષિત અધિકારીઓ તેમની જાતને શિક્ષણશાસ્ત્રી સમજીને કેવા વાહિયાત નિર્ણયો લઈને ગુજરાતના ઉચ્ચ શિક્ષણને બાનમાં લઈને શિક્ષણની ઘોર ખોદે છે. વાહિયાત નિર્ણયનો પરિપત્ર થયો નવમી ઓગસ્ટે ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરી તરફથી. હા જેમાં તેમણે સંદર્ભ આપ્યો છે છઠ્ઠી જૂને શિક્ષણ વિભાગે કરેલ ઠરાવનો. એટલે શિક્ષણ વિભાગે બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર સૂચવ્યું અને ઉચ્ચશિક્ષણ કમિશનર કચેરીએ બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર આગળ વધાર્યું. પરિપત્ર એવો કર્યો કે, ગુજરાત રાજ્યની સરકારી તમામ કોલેજોમાં આંતરિક ગુણાંકન માટે સતત મૂલ્યાંકનની એક સમાન પદ્ધતિ અમલમાં મૂકવા બાબત. આ પરિપત્રમાં જણાવેલ છે કે, સરકારી કોલેજોમાં આંતરિક પરીક્ષાના બદલે સતત મૂલ્યાંકન વડે વિદ્યાર્થીઓનું એસેસમેન્ટ થાય તે માટે ગુજરાત સરકારશ્રી અને યુ.જી.સી. આગ્રહ સેવે છે. આવા સંજોગોમાં જો રાજ્યની તમામ સરકારી કોલેજોમાં આંતરિક ગુણાંકન માટેની એકસમાન પદ્ધતિ અનુસરવામાં આવે તો રાજ્ય સરકારશ્રીના પ્રયત્નોમાં સહભાગી બની શકાય તેમ છે. ત્યારબાદ આંતરિક ૩૦ ગુણના મૂલ્યાંકન માટે એસેસમેન્ટ ટૂલ અને તનો ભારાંક જણાવ્યો છે. ( આ પરિપત્રમાં દસ જોડણીની ભૂલો છે અને બે વાક્યરચનાની ભૂલો છે).

હવે વાત કરીએ કે, નિર્ણય લેનારે બુદ્ધિનું પ્રદર્શન ક્યાં કર્યું છે તે. પ્રથમ બાબત આ પરિપત્રનો અમલ રાજ્યની તમામ સરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદા અને શિક્ષણની કોલેજોએ અમલ કરવાનો છે. ત્યારે ધ્યાન દોરવાનું થાય કે, દરેક વિદ્યાશાખાનું એક આગવું મહત્વ છે અને એક આગવું માળખું છે. ત્યારે બધાને એક લાકડીએ હાંકવાનો પ્રયત્ન કરવો કેટલો યોગ્ય છે. તેમાં પણ શિક્ષણની કોલેજો એ કેવી રીતે મૂલ્યાંકન કરવું ? કેટલું કરવું ? ક્યારે કરવું વગેરેનું માર્ગદર્શન અને સૂચનાઓ એન.સી.ટી.ઈ. એ આપેલ છે, જેનો ચૂસ્ત અમલ દરેક કોલેજોએ ફરજીયાત કરવો જ પડે છે. એટલું જ નહિ એન.સી.ટી.ઈ. એ સૂચવેલ આ માળખું અત્યારે કરેલ પરિપત્ર કરતા સો ગણું સારૂં છે.. ત્યારે આપણા અધિકારીઓ ક્યાં તર્કને આધારે બી.એડ. કોલેજોને આંતરિક ગુણાંકન માટેનું નવું માળખું સૂચવે છે. તેઓ એ પણ નથી જાણતા કે, બી.એડ. કોલેજોમાં શૈક્ષણિક કાર્ય એન.સી.ટી.ઈ. ના ધારાધોરણ કે નિયમો મુજબ થાય છે, આ બાબતે તેમાં યુ.જી.સી. વચ્ચે ક્યાંય આવતી નથી. શિક્ષણ વિભાગ અને ઉચ્ચશિક્ષણ કચેરીએ સૂચવ્યા મુજબ દરેક સત્રમાં પેપર દીઠ ઓછામાં ઓછી બે પરીક્ષાઓ લેવાની. ઉપરાંત દરેક સત્રમાં પેપર દીઠ એક એમ.સી.કયુ. ટેસ્ટ લેવી. હવે કલ્પના કરો કે, કોઈ એક વિદ્યાશાખામાં કોઈ એક સત્રમાં પાંચ વિષય હોય તો ઉપરોક્ત કાર્ય કરવા કુલ પંદર દિવસ જાય. ત્યારે સેમેસ્ટર સિસ્ટમ દાખલ કરીને ઘોર ખોદયા પછી આ પંદર દિવસ આપીને વધુ ઘોર ખોદવી છે ? કદાચ નિર્ણય લેનાર દલીલ કરે કે, પરીક્ષા તો કલાક બે કલાકની હોય, બાકીના સમયમાં શૈક્ષણિક કાર્ય કરવાનું. તો જવાબ આપી શકાય કે, તે બાબત શક્ય છે ?

ફરી આવીએ બી.એડ. પર. બી.એડ. કોલેજમાં આંતરિક મૂલ્યાંકન સતત ચાલતું જ હોય છે. એક યુનિવર્સિટીના મૂલ્યાન્કનના ઉદાહરણ મુજબ પ્રથમ સત્રમાં ૦૫ માઈક્રોલેસન, ૦૫ સિમ્યુલેસન, ૦૫ સ્ટ્રેલેસન, 30 પાઠનું નિરીક્ષણ, મનોવૈજ્ઞાનિક કસોટીનું સંચાલન, વ્યક્તિ અભ્યાસ, બુકરિવ્યુ. બીજા સત્રમાં બ્લોક ટીચિંગ, બ્લ્યુપ્રિન્ટ, ક્રિયાત્મક સંશોધન, હેતુલક્ષી કસોટીની રચના, સેમિનાર/વર્કશોપ/પ્રોજેક્ટવર્ક. ત્રીજા સત્રમાં ૧૧ અઠવાડિયાની ઇન્ટર્નશિપ, ટીએલએમ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ઇન્ટર્નશિપ આધારિત વાચવા. તો ચોથા સત્રમાં ઇન્ટર્નશિપ ચાર અઠવાડિયા, ડિજીટલ લેસન પ્લાન , સંસ્થા મુલાકાત, નકશાપૂર્તિ, વિજ્ઞાનના પ્રયોગો, વિદ્યાર્થીનો પોર્ટ ફોલિયો  વગેરે. ઉપરાંત દરેક સત્રમાં ૩૦ માર્કસનું પરીક્ષા કે હાજરી આધારિત મૂલ્યાંકન તો ખરું જ.  સાહેબ મારા આ બધું આંતરિક મૂલ્યાંકન જ છે જે સતત મૂલ્યાંકન પણ છે. શું  આટલું ઓછું પડે છે કે વધારે લાગે છે માટે પરિપત્ર પાઠવીને સૂચનો કરો છો કે આમ કરો કે તેમ કરો.  ભૂતકાળમાં એક અધિકારીએ એવું પણ જણાવેલું કે, કોલેજમાં અધ્યાપક ઓછા હોય તો સામજિક વિજ્ઞાનનો અધ્યાપક ગણિત ભણાવે ! આપણા અધિકારીઓની માન્યતા અને આળસને કારણે જ ગુજરાતની ચાર ગ્રાન્ટેડ બી.એડ. કોલેજો બંધ થવાની તૈયારીમાં છે અને અન્ય કોલેજોને એન.સી.ટી.ઈ. એ નોટીસ આપી છે. આ કોલેજો લાખો રૂપિયા ખર્ચ કરીને કોર્ટમાં જઈને બચાવ કરવાનો પ્રયત્ન કરે છે. આ લાખો રૂપિયાનો ખર્ચ આપણા અધિકારીઓની આળસ,

બેદરકારી, અનિર્ણાયકતા ને કારણે જ થાય છે. ત્યારે આવી બાબતોની ચિંતા કેમ કોઈ અધિકારી કરતા નથી અને મૂલ્યાંકન સુધારવા પર તૂટી પડ્યા?

વહિવટમાં બેઠેલા સચિવાલય કે કમિશ્નર કચેરીમાં બેઠેલા અધિકારીનું કામ માત્ર વહિવટ કરવાનું છે. જે કામ તમારું નથી એમાં શા માટે માથું મારો છો? આંતરિક મૂલ્યાંક કેવું, કયારે અને કેવી રીતે કરવું એ નિર્ણય લેવાનું કામ યુનિવર્સિટીનું છે. તેને જ લેવા દો. શા માટે યુનિવર્સિટીના કામમાં દખલ કરો છો. જો યુનિવર્સિટીના કામથી સંતોષ ના હોય તો યુનિવર્સિટીના વી.સી. અને વિદ્યાશાખાના ડીનને બોલાવો. તેમની સાથે ચર્ચા કરો. પછી વિદ્યાશાખા મુજબ નિર્ણય લો. ઉપરાંત કોઈ યુનિવર્સિટી સારું કામ કરતી હોય તો તેને પ્રોત્સાહન આપો, બધું સમાન કરવાના બહાને યુનિવર્સિટીને બાનમાં ના લો. એટલું સમજજો કે યુનિવર્સિટીના વી.સી. કે ડીન કે અધ્યાપકો તમારા કરતા શિક્ષણ વિષે વધુ જાણે છે અને વધુ અનુભવી છે. માટે જ મનમાની ના ચલાવો. શિક્ષણના તમામ વિભાગો જેમકે, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ તેમાં પણ વિવિધ પ્રવાહો મુજબ કોઈપણ નિર્ણય લેતા પહેલા તે ક્ષેત્રમાં કામ કરનાર શિક્ષકો કે અધ્યાપકો સાથે ચર્ચા કરો. તેમના અનુભવોનો ઉપયોગ કરો, પછી નિર્ણય લો.

હકીકતમાં નિર્ણય લેવાનું કામ શિક્ષણકારોનું છે અને તેનો અમલ કરાવવાનું કામ અધિકારીઓનું છે. પણ આપણે ત્યાં તો ઉલ્ટી ગંગા વહે છે. અત્યારે તો એવું બની રહ્યું છે કે સ્નાતક થયેલ વ્યક્તિ નિર્ણય લે અને પીએચ.ડી. થયેલ વ્યક્તિએ તેનો અમલ કરવાનો ! એટલે કે અધિકારીઓ નિર્ણય લે અને શિક્ષણકારોએ અમલ કરવાનો. હા, અહી એક બાબતની સ્પસ્ટતા કરી લઈએ કે , શિક્ષણમાં કેટલીક જગ્યાએ સારા અધિકારી પણ છે જ. પણ તેમનું કેટલું ચાલે છે તે તો તેઓ જ જાણે છે. તો કેટલાક શિક્ષણને જાણનારા સારા અધિકારીઓ સામાન્ય જગ્યા પર – સાઈડ પોસ્ટ પર પણ છે. જો કે એ કામ સરકારનું છે. તેમાં આપણે દખલ ના જ કરાય, પણ સરકારનું ધ્યાન દોરવાનો એક નાગરિક તરીકે આપણને પૂરતો હક્ક છે.

આ વહિવટી અધિકારીઓ કોલેજો અને યુનિવર્સિટીને સતત અને આંતરિક મૂલ્યાંકન કરવાનું શીખવાડે છે ત્યારે કહેવાનું મન થાય કે તમે તમારી ઓફિસના કામનું સતત અને આંતરિક મૂલ્યાંક કરવાનું ક્યારે શરૂ કરશો ? શિક્ષણ વિભાગ શિક્ષણની ગુણવત્તાની ચિંતા કરતું હોય તો એક સૂચન કે, બી.એડ. કોલેજોમાં અધ્યાપકોની ભરતીનું કામ જૂન માસમાં કોલેજોમાં નવું સત્ર પૂરું થાય તે પહેલા પૂર્ણ કરવાનું હતું. આજે ઓગસ્ટમાં પણ તે કામ અડધે પણ નથી પહોંચ્યું. ત્યારે એ ચિંતા કેમ નથી કરતા કે, કોલેજોમાં અધ્યાપકો વગર મૂલ્યાંક કરશે કોણ? બી.એડ. અને કાયદા વિદ્યાશાખામાં અધ્યાપકોની ભરતી માટેની તમામ મંજૂરી સરકારે આપી દીધી છે, ત્યારે તમારી આળસ કે ભરતીને મહત્વ નહિ આપવાની ઈચ્છાને કારણે કોલેજોમાં ભરતી થઇ નથી. ત્યારે એ ચિંતા કેમ નથી કરતા કે અધ્યાપકો વગર વિદ્યાર્થીઓ ભણશે તો મૂલ્યાંકન થશે ને ? અધિકારી સાહેબો તમે એ જાણો છો કે, એવી ઘણી કોલેજો છે જેમાં ૬૦૦ થી

૮૦૦ વિદ્યાર્થી સંખ્યા હોવા છતાં એક પણ અધ્યાપક નથી. જો ના જાણતા હોવ તો આ જણાવ્યું. પહેલા ભણાવાની સગવડ કરો, પછી મૂલ્યાંકનની વાત કરો.

શિક્ષણમાં ગુણવત્તા વધારવી હોય તો કોલેજો અને યુનિવર્સિટીને સ્વતંત્રતા આપો. તમારી નીચે લાવવાનો પ્રયત્ન ના કરો. હા, હવે તમામ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ સમાન કરવાનો નિર્ણય ના લેતા, નહિ તો આખા ગુજરાતમાં ગુજરાતી વિષયના વિદ્યાર્થી નર્મદ કે નરસિંહ જ ભણશે. બાકીના લેખક,કવિ કે મહાન પાત્રો દસ વર્ષમાં ભૂલાઈ જશે. હકીકતમાં દરેક વિષય અને વિષયવસ્તુને જીવંત રાખવા હોય તો દરેક યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં વિવિધતા રહેવા દેજો. સમાન કરવાનો પ્રયત્ન ઘણાં વિષય અને વિષયવસ્તુને મારી નાંખશે. અંતે, વિનંતી કે આવા પરિપત્રોમાં સુધારા કરો અથવા તો પાછા ખેંચી લો. ખોટા નિર્ણય લેવામાં શરમ નથી આવતી તો પાછા ખેંચવામાં શરમ ના રાખતા.